# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

કેસીજી ખાતે વિવિધ જગ્યાઓ પર અગિયાર માસના કરાર આધારિત ભરતી (૨૦૧૮-૧૯)

## નોટીસ

કેસીજી દ્વારા વિવિધ જગ્યાઓ માટે અગિયાર માસના કરાર આધારિત ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં અગાઉની સૂચનાઓમાં નીચેની સૂચનાઓ ઉમેરવામાં આવે છે:

૧. ઉમેદવારોને જણાવવામાં આવે છે કે તેઓએ એનેક્ષર-૧માં જણાવ્યા અનુસારની શૈક્ષણિક લાયકાત અનુસાર જ અરજી ફોર્મ ભરવાનું રહેશે. જો કોઈ અરજી કરનાર ઉમેદવાર જે તે જગ્યા માટે દર્શાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી તો તેઓની અરજી આપોઆપ રદબાતલ ગણાશે.

   ઉદાહરણ તરીકે, કન્સલ્ટન્ટ ગ્રેડ A2 માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત માન્ય સંસ્થામાંથી ૫૫% સાથે એમ. કોમ. દર્શાવેલ છે. જો ઉમેદવારે કન્સલ્ટન્ટ ગ્રેડ A2 માટે અરજી કરેલ હશે અને તે એમ. કોમ. ૫૫% સાથેની આ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા નહીં હોય તો, તેઓ અન્ય જગ્યા માટે લાયકાત ધરાવતા હોવા છતાં, તેઓએ અરજી નહીં કરેલ હોય તો અરજી આપોઆપ રદ ગણાશે.

   આ માટે પછીથી કોઈ પણ રજૂઆત/અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

૨. અન્ય જગ્યા માટે લાયકાત ધરાવતા હોવા છતાં જે જગ્યા માટે અરજી કરેલ હશે તે માટે જ તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે. એક ઉમેદવાર મહત્તમ ત્રણ અરજી કરી શકશે.

૩. ઉમેદવારે ઓનલાઈન કરેલ અરજીને અંતિમ ગણવામાં આવશે. ઓનલાઈન કે ઓફલાઈન અરજીમાં ભૂલ માટે ઉમેદવાર પોતે જવાબદાર રહેશે. આથી અરજી કરતા સમયે ઉમેદવારે ધ્યાન પૂર્વક તમામ બાબતો ધ્યાનથી વાંચીને અરજી કરવાની રહેશે, અન્યથા રદ થાય તો કેસીજીની જવાબદારી રહેશે નહીં.

૪. દરેક જગ્યા માટે સ્નાતક/અનુસ્નાતક કે અન્ય ડિગ્રીના ટકા (%) ફરજીયાત લખવા. માર્કશીટ/ડિગ્રી સર્ટિફિકેટમાં સીજીપીએ લખ્યા હોય તો પણ ટકા જે તે યુનિવર્સિટી/યુજીસીના નિયમ પ્રમાણે ગણીને અચૂક લખવા.

અગાઉની અન્ય બાબતો યથાવત રહેશે.